અપીલ અરજી નં.૩૬ તા.૩૦–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩૧–૩–૧૦ની અરજીથી સ્મીમેર હોસ્પીટલનાં **RMO** ડો.કિરણ પાઠકને લાલકેસ–તબીબી રાહત પુસ્તીકામાં દર્દીની ચકાસણી કર્યા વગરજ દવાઓ અંગેની સહીઓ કરેલ. જે લાલકેસ કૌભાડના આક્ષેપ હેઠળ કમિશ્નરશ્રી ધ્વારા તા.૧૪–૮–૨૦૦૮ ના રોજ સસ્પેન્ડ કરેલ અને ખાતાકીય લાલકેસ કૌભાડની તપાસમાં સુ.મ.સે.સદનને ૧,૦૩,૬૯૮ રૂપિયા ના આર્થિક નુકશાન અંગેના આક્ષેપમાં ખાતાકીય તપાસમાં આરોપી પુરવાર થતાં તેમના પાંચ ઈજાફા પણ અટકાવવામાં આવેલ તેમ છતાં સુ.મ.સે.સદનનાં સુ.શ્રી એસ. અપર્ણા કમિશ્નર મેડમ આ કૌભાડી ડોકટરને પરત નોકરીએ લેવા સ્થાયી સમિતિમાં મંજુરી અંગેના આ વિવાદીત કામની સંપૂર્ણ માહિતીની સહી સિકકાવાળી નકલો આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૩૦–૪–૧૦ ની **SMC/FAP/** નં.૩૬/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩૧–૩–૧૦ની અરજી બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ)અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૯૯ તા.૨૧–૪–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૯૯ તા.૧૨–૫–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૫૮૮ તા.૧૫–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી ઈન્કવાયરી ઓફિસર (મહેકમ)ને તબદીલ કર્યા અંગેના પત્ર નં.૧૯૨૦ તા.૩૧–૩–૧૦ ની નકલ, ડે.કમિશ્નર(પ અનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/આઈ/૧૧તા.૬–૪–૧૦ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કર્યા અંગેના પત્રનીનકલ, અરજદારને આપેલી માહિતી અંગેના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૯૯ તા.૨૧–૪–૧૦ ના પત્રની નકલ, સા.સ.ઠ.૧૪૮/૨૦૧૦ તા.૨૬–૪–૧૦ ના ઠરાવની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૩૧–૩–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે અરજદારે કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાને અરજી કરેલ. જે સેન્ટ્રલઝોન મારફતે પત્ર નં.૧૯૨૦ તા.૩૧–૩–૧૦ થી ઈન્કવાયરી ઓફિસર મહેકમને તબદીલ કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી ડે.કમિશ્નર(પઅનેઈ) તરફથી પત્ર નં. જાવક નં.જીએડી/ઈએસ ટી/આઈ/૧૧ તા.૬–૪–૧૦ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી નં.જીએડી/ઈએસટી/૨૯૯ તા.૨૧–૪–૧૦ થી " ડો . કિરણ પાઠકને પરત નોકરીએ લેવા અંગેની દરખાસ્ત સક્ષમ સત્તા સમક્ષ નિર્ણયાર્થે પડતર હોય આરટીઆઈ એકટની કલમ –૮(૧)(ટ) ની જોગવાઈઓ મુજબ હાલમાં સદર માહિતી આપી શકાય તેમ નથી." તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૩૦–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરી આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ટ) ની જોગવાઈઓ મુજબ માહિતી આપેલ નથી પરંતુ ૮(૧)(ટ) ની જોગવાઈઓનો ખુલાસો જણાતો નથી. તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે બાબતે અત્રેથી જાહેર માહિતી અધિકારી પાસેથી બાબત હેઠળના નિર્ણય લેવાયેલ છે કે કેમ? કે હજુ પણ નિર્દિષ્ટ અપવાદ હેઠળ છે? તે અંગે જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ બાબત હજુ પણ નિર્દિષ્ટ અપવાદ હેઠળ છે તેવું જણાવેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારીએ અપવાદ હેઠળ ઈન્કાર અંગે કારણ જણાવવાનું હોય છે તે સક્ષમ સત્તા સમક્ષ નિર્ણયાર્થે પડતર હોવાનું જણાવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી બાબત હેઠળનો લેવાયેલ નિર્ણય માહિતીનો ઈન્કાર પણ કાયદાની કલમ–૮(૧)(ટ) સાથે સુસંગત હોઈ બહાલ રાખવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર